ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/ ૨૧
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૬

// પરિપત્ર //

વિષય : નિગમની એન્જિનિયરિંગ વસાહત / કેમિકલ વસાહતોના એન્જિનિયરિંગ ઝોનમાં હયાત રાસાયણિક ઉદ્યોગોની તબદીલી, પ્રોડક્ટ ચેન્જ/ એડિશન તથા સંલગ્ન પ્લોટમાં વિસ્તરણ બાબત.

સંદર્ભ : ૧. જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/ (L09003633011), તા. 30/0૧/૨૦૨૧

૨. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/18, તા. 03/0૬/૨૦૨૧

ઉપરોક્ત સંદર્ભ-૨ ના પરિપત્રથી નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ફાળવેલ જમીનમાં પ્રોડક્ટ ચેન્જ / એડિશન અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે મુજબ, બિન-રાસાયણિક ઝોનમાં કોઈપણ સંજોગોમાં રાસાયણિક કે પર્યાવરણને અસર કરતા ઉદ્યોગોને પ્રોડક્ટ ચેન્જ/એડિશનની મંજૂરી આપી શકાશે નહીં. સદર બાબતે, નિગમને પ્રાપ્ત થયેલ રજૂઆતો તથા સંબંધિત વસાહતોમાં માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતાને ધ્યાને લઈ, સંદર્ભ-૨ ના પરિપત્રના ઉપરોક્ત દર્શાવેલ મુદ્દા અનુસંધાને નિગમની ૫૨૭મી સભામાં ઠરાવ ક્રમાંક : ૭૨/ પો.વિતરણ/ ૫૨૭/ ૨૦૨૬, તા.૦૮/૧૦/૨૦૨૬ થી પસાર કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

બિન-રાસાયણિક વસાહતો અથવા રાસાયણિક વસાહતોના બિન-રાસાયણિક ઝોનમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા પૂર્વ-મંજૂર થયેલ હોય તેવા હયાત રાસાયણિક ઉદ્યોગોની પ્લોટ તબદીલી, પ્રોડક્ટ ચેન્જ/ એડિશન તથા લગત પ્લોટમાં વિસ્તરણની મંજૂરી માન્ય રાખવામાં આવશે. સદર કિસ્સાઓમાં એકમ દ્વારા નિગમ પાસેથી કોઈ નવી માળખાકીય સુવિધાઓની માંગણી કરી શકાશે નહીં તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના મંજૂરીપત્રની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વધુમાં, નિગમની પરિશિષ્ટ-અ માં દર્શાવેલ ઔદ્યોગિક વસાહતોમાં બિન-રાસાયણિક એકમની ઝીરો લિક્વિડ ડીસ્ચાર્જ ધરાવતા રાસાયણિક એકમ તરીકે પ્લોટ તબદીલી, પ્રોડક્ટ ચેન્જ/એડિશન તથા લગત

પ્લોટમાં વિસ્તરણની મંજૂરી માન્ય રાખવામાં આવશે. સદર કિસ્સાઓમાં એકમ દ્વારા નિગમ પાસેથી કોઈ નવી માળખાકીય સુવિધાઓની માંગણી કરી શકાશે નહીં તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના મંજૂરીપત્રની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ પરિપત્ર સંદર્ભ-(૨) હેઠળ દર્શાવેલ તા. ૦૩/ ૦૬/ ૨૦૨૧ ના પરિપત્રના અનુસંધાનમાં વંચાણે લેવાનો રહેશે તથા તેમાં નિયત કરવામાં આવેલ અન્ય તમામ શરતો/ જોગવાઈઓ યથાવત રહેશે. વધુમાં, આ પરિપત્રની જોગવાઈઓ પરિશિષ્ટ-બ માં દર્શાવેલ સેક્ટર- સ્પેસિફિક ઔદ્યોગિક વસાહતોને લાગુ પડશે નહીં.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઇડીસી, ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના :

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોશિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.

રવાના કર્યું,

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)

# પરિશિષ્ટ-અ

| ક્રમ | ઔદ્યોગીક વસાહત |
|---|---|
| ૧ | કેરાલા |
| ૨ | અંકલેશ્વર |
| ૩ | દહેજ-૧ |
| ૪ | દહેજ-૨ |
| ૫ | દહેજ-૩ |
| ૬ | ઝઘડીયા |
| ૭ | પાનોલી |
| ૮ | સાયખા |
| ૯ | વિલાયત |
| ૧૦ | કલોલ |
| ૧૧ | છત્રાલ |
| ૧૨ | નંદેસરી |
| ૧૩ | પી.સી.સી. |
| ૧૪ | વાપી |
| ૧૫ | સરીગામ |
| ૧૬ | સચિન |
| ૧૭ | હજીરા |

# પરિશિષ્ટ- બ

| ક્રમ | પાર્ક / વસાહત | સ્થળ |
|---|---|---|
| ૧ | બલ્ક ડ્રગ પાર્ક | જંબુસર, ભરૂચ |
| ૨ | પી.એમ. મિત્ર પાર્ક | વાંસી, નવસારી |
| ૩ | મેડિકલ ડિવાઇસ | નાગલપર, રાજકોટ |
| ૪ | એગ્રો-ફૂડ પાર્ક્સ | મુડેઠા, બનાસકાંઠા |
| | | છાપરા, રાજકોટ |
| ૫ | સિરામિક પાર્ક | જાંબુડિયા, મોરબી |
| ૬ | વ્હીકલ સ્ક્રેપેજ રિસાયક્લિંગ પાર્ક | નવા માઢિયા, ભાવનગર |
| ૭ | ટ્રાઇબલ પાર્ક્સ | દોંડવાડા, ભરૂચ |
| | | અમીરગઢ, બનાસકાંઠા |
| | | નિઝર, તાપી |
| | | તિલકવાડા, નર્મદા |
| ૮ | સાણંદ-૨ ઔધોગીક વસાહત | સાણંદ, અમદાવાદ |
| ૯ | વુમન્સ પાર્ક / એમએસએમઇ પાર્ક | લગત તમામ ઔધોગિક વસાહત |